# 17 દિવસો જુદાઈના જાય છે

**ગની દહીંવાલા**

**(જન્મઃ 17-08-1908, મૃત્યુઃ 05-03-1987)**



અબ્દુલ ગની દહીંવાલા તેઓનું મૂળ નામ છે. તેમનો જન્મ સુરતમાં થયો હતો. તેમણે પ્રાથમિક શાળા સુધીનો અભ્યાસ કર્યો હતો. તેઓ દરજીકામ કરતા હતા. તેમનું મહત્ત્વનું પ્રદાન ગઝલમાં છે. 'ગાતાં ઝરણાં, 'મહેક', મધુરપ', 'ગનીમત' અને 'નિરાંત' તેમના ગઝલ - મુક્તકના સંગ્રહો છે. 'જશ્ને શહાદત' એમની હિંદીમાં લખેલી નૃત્યનાટિકા છે. 'પહેલો માળ' ત્રિઅંકી નાટક છે.

આ ગઝલ ગુજરાતભરમાં ખૂબ જાણીતી થયેલી છે. પ્રેમની ગંભીરતા, ઉદાત્તતાને સુંદર ઉપમાઓ દ્વારા આ ગઝલમાં મૂકી આપી છે. પ્રથમ શેરમાં જીવન તરફની આશાનો સંકેત છે. આજે ભલે જુદાઈના દિવસો છે પણ એક દિવસે આ જુદાઈ મિલનમાં પરિણમશે, એટલું જ નહિ પણ શત્રુઓ જ હાથ પકડીને પ્રિય વ્યક્તિ પાસે લઈ જશે. માણસે ક્યાંક દૂર દૂર જવા કરતાં બીજા માણસના મન સુધી પહોચવું એ બહુ મોટી વાત છે.

પ્રિયપાત્રને પોતાનાથી ઊંચે સ્થાપીને છેક સુધી સાથ નિભાવવાની વાત પણ રાજરાણીના ચીર, રંક નારની ચૂંદડી અને કફનના પ્રતીક દ્વારા રજૂ કરી છે. અંતિમ શેરમાં પ્રેમની ચરમ ભવ્યતા વ્યક્ત થઈ છે. 'જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી, કોઈ શ્વાસ બંધ કરી ગયું કે પવન ન જાય અગન સુધી'માં જુદાઈની પીડા વધી તો મૃત્યુ સામે આવી ગયું. હૃદયની આગ - પીડા પવન સુધી એટલે કે બહાર નીકળે એની પહેલાં શ્વાસ બંધ થઈ ગયા એ ચરમ ક્ષણ પર આવીને ગઝલ પૂરી થાય છે.

---

દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી,
મારો હાથ ઝાલીને લઈ જશે, હવે શત્રુઓ જ સ્વજન સુધી.

ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,
અહીં આપણે તો જવું હતું, ફક્ત એકમેકના મન સુધી.

તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં,
જો અરજ કબૂલ હો આટલી, તો હૃદયથી જાઓ નયન સુધી.

તમે રાજરાણીનાં ચીર સમ, અમે રંક નારની ચૂંદડી !
તમે બે ઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી.

જો હૃદયની આગ વધી 'ગની' તો ખુદ ઈશ્વરે જ કૃપા કરી,
કોઈ શ્વાસ બંધ કરી ગયું, કે પવન ન જાય અગન સુધી.

**('મહેક'માંથી)**

●

## શબ્દ-સમજૂતી

### બ્દાર્થ / સમાનાર્થી શબ્દો

**ઉન્નતિ**-ઊંચે જઈ રહેલી સ્થિતિ; **ચીર**-વસ્ત્ર, કાપડ; **કફન**-શબને ઓઢાડવાનું લૂગડું, ખાપણ; **રંક**-ગરીબ

### વિરુદ્ધાર્થી શબ્દો

**રંક**×ધનવાન; **ઉન્નતિ**×અવનતિ; **સંમતિ**×અસંમતિ; **શત્રુ**×મિત્ર; **જુદાઈ**×મિલન; **ધરા**×ગગન

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(√)ની નિશાની કરો :**

(1) સ્વજન સુધી કોણ લઈ જશે ?

(A) મિત્રો (B) દુશ્મનો

(C) ઈશ્વર (D) ગની

(2) કવિને ક્યાં સુધી જવું હતું ?

(A) ધરા સુધી (B) ગગન સુધી

(C) ઉન્નતિ સુધી (D) એકમેકના મન સુધી

**2. એક - એક વાક્યમાં ઉત્તર આપો.**

(1) ગરીબ સ્ત્રીની ચૂંદડી ક્યાં સુધી સાથે રહે છે ?

(2) કવિ માટે કેવા દિવસો જતા હતા ?

**3. નીચેના પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર આપો.**

(1) કવિ કઈ અરજ કરે છે ?

**4. નીચેના પ્રશ્નોના સાત-આઠ લીટીમાં જવાબ આપો.**

(1) 'દિવસો જુદાઈના જાય છે.' - ગઝલમાં ગનીની મનઃસ્થિતિ તમારા શબ્દોમાં વર્ણવો.

(2) પંકિતઓ સમજાવો...

''ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી,

અહીં આપણે તો જવું હતું , ફક્ત એકમેકના મન સુધી.''

## વિદ્યાર્થીની પ્રવૃત્તિ

- કાવ્યના દરેક શેર માટે જૂથ ચર્ચા ગોઠવવી.
- પાદપૂર્તિના આધારે વિદ્યાર્થીઓ કાવ્યરચના કરે અને વર્ગમાં તેની રજૂઆત કરે તેવું ગોઠવો.

- શિક્ષક વિદ્યાર્થીઓને રદીફ કે કાફિયા આપશે અને વિદ્યાર્થી તેની ઉપરથી ગઝલ રચના કરશે.
- પ્રાર્થના - મહાસભામાં કવિમુશાયરાનું આયોજન કરો.

## ભાષા અભિવ્યક્તિ

- અહીં પ્રથમ છ પંકિતઓમાં સતત અને પછી એકાંતરે 'સુધી' શબ્દથી અંત્યાનુપ્રાસ વણાયો છે. ગઝલમાં પ્રાસસભર શબ્દો 'રદીફ' તરીકે ઓળખાય છે.
- મિલન, સ્વજન, પતન, મન, ચમન, ગગન, જીવન, નયન, કફન અને અગન પણ પ્રાસસભર શબ્દો છે જે શરૂઆતમાં સતત અને ત્યારબાદ એકાંતરે 'સુધી'ની આગળ વપરાયા છે. 'રદીફ'ની આગળ વપરાતા આ પ્રાસસભર શબ્દો કાફિયા તરીકે ઓળખાય છે. જે વાત હવે દઢ થઈ ગઈ હશે.
- ભાવની ચોટદાર અભિવ્યકિત માટે કવિએ આ ગઝલમાં ધરા - ગગન, ઉન્નતિ - પતન, રાજ - રંક, શત્રુ - સ્વજન જેવા વિરુદ્ધાર્થી પ્રયોજ્યા છે અને રજૂઆતને વધુ ધારદાર બનાવી છે.

  'ન ધરા સુધી ન ગગન સુધી, નહિ ઉન્નતિ ન પતન સુધી'
- જયારે અપેક્ષિત બે વિકલ્પોમાંથી એક પણ શકય ન હોય ત્યારે આવી રચના પદ્ય કે ગદ્યમાં થાય છે. આવી રચનાઓમાં નિષેધવાચક અવ્યય જે ક્રમે વપરાય છે તેની પણ ખાસ નોંધ લો. આ પ્રકારની અન્ય પંકિતઓ કાવ્યમાંથી શોધીને સમજીને દઢ કરો.
- અંતિમ શેરમાં કવિ પોતાનું ઉપનામ 'તખલ્લુસ' વણે છે. અહીં પણ 'ગની' નામ વણી લેવાયું છે.

## શિક્ષકની ભૂમિકા

કોઈપણ વસ્તુ ચિરસ્થાયી નથી તેમ સુખ કે દુ:ખ પણ આવજા કરે છે. જુદાઈના દિવસો મિલન સુધી પહોંચશે અને શત્રુઓ દ્વારા જ સ્વજન સુધી પહોંચવાનો આત્મવિશ્વાસ પ્રથમ શેરમાં વ્યક્ત થયો છે.

માણસ કોઈના મન સુધી પહોંચી શકે એ સિદ્ધિ નાની નથી. આવી દરેક શેરમાં રજૂ થતી ચમત્કૃતિ, કાવ્યત્વ, શ્રોતા-ભાવક વર્ગને 'આહ' અને 'વાહ' સુધીની સફર કરાવે છે. એ ગઝલની ક્ષમતા દર્શાવે છે તે વિષે ચર્ચા કરવી.

પ્રત્યેક શેર અલગ અર્થ આપે છે તે અર્થો વિદ્યાર્થી પોતે સમજે તેવું વાતાવરણ સર્જવું.

•